
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




બેય... ભક્તિના નવ પ્રકાર છે... શ્રવણ, કિર્તન, પાદસેવન અર્ચન વંદન... એમાં આ અહીં... નવા જમાનાની સાઉન્ડ ભક્તિ ઉમેરવી પડશે....!

# સે-૨૪ પીળા પટ્ટા ખાતે બંધ મકાનમાં તસ્કરો ત્રાટકયા

**દાદા-દાદી મકાન બંધ કરીને ઠાસરા ગામે પૌત્રના જન્મદિવસની ઉજવણી માટે ગયા હતા : રોકડ અને દાગીના મળી રૂ. ૪૯ હજારની મત્તા ગઈ**

ગાંધીનગર, તા.૬

શહેરના સે-૨૪ પીળા પટ્ટા વિસ્તારમાં રહેતા દાદા દાદી તેમના પૌત્રના જન્મદિની ઉજવણી માટે ખેડા જિલ્લાના ઠાસરા ગામે ગયા હતા તે દરમિયાન તેમના બંધ મકાનની જાળીનો નકુચો તોડીને તસ્કરો મકાનમાં ઘુસી હાથફેરો કરી ગયા હતા. તિજોરીમાંથી સોના ચાંદીના દાગીના તથા રોકડ મળી રૂ.૪૯ હજારની મત્તાની ઉઠાંતરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. સે-૨૧ પોલીસે ઘરફોડ ચોરી અંગે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

સે-૨૪ ખાતે સ્થિત આદર્શનગરના પીળા પટ્ટા વિસ્તારમાં મકાન નં. ૬૩૦માં રહેતા ગોવિંદભાઈ મણીભાઈ પ્રજાપતિ ખેડા જિલ્લાના ઠાસરા ગામે રહેતા તેમના દિકરાના ઘરે પત્નિને લઈને ગયા હતાં. ગોવિંદભાઈના પૌત્રનો જન્મદિવસ હતો તેની ઉજવણી માટે દાદા દાદી ઠાસરા ગયા હતા. આજે સવારે ૧૦ વાગ્યાના અરસામાં ઘરે પરત ફર્યા તો તેમની ઓસરીની જાળીનો નકુચો તુટેલી હાલતમાં જોયો હતો. અંદર જઈને તપાસ કરી તો તિજોરી પણ ખુલ્લી હતી. અને તિજોરીના ડ્રોઅરનું લોક પણ તુટેલું હતું. તસ્કરોએ તેમના મકાનને ટાર્ગેટ બનાવીને અંદર ઘુસી તિજોરીમાંથી સોના ચાંદીના રૂ.૪૭ હજારની કિંમતના દાગીના અને રૂ. ૨ હજાર રોકડા મળી કુલ રૂ. ૪૯ હજારની મત્તાની ચોરી કરી હોવાનું ધ્યાને આવતા ગોવિંદભાઈએ સે-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. સે-૨૧ પીએસઆઈ વી.આર. વસાવાએ ગુનો દાખલ કરીને ગુનાની વૈજ્ઞાનિક ઢબે તપાસ શરુ કરી છે.

## ખૂણે ખાંચરેથી...

● ૯મી સપ્ટેમ્બરના રોજ પસંદ થયેલા તલાટીઓને મહાત્મા મંદિર ખાતે મુખ્યમંત્રી રૂપાણીના હસ્તે નિમણુંક પત્રો અપાશે.

● ભારત સરકાર દ્વારા કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓની સમીક્ષા માટે એક વિડીયો કોન્ફરન્સ રાખવામાં આવી છે.

● ભારત સરકારના પંચાયતી રાજ વિભાગની ટીમ આજથી જિલ્લાના બે દિવસ પ્રવાસે આવી પહોંચી છે.

● સરકારી કર્મચારીઓને નિવૃત્તિ પછી જૂથ વીમા યોજનાના નાણાં સમયસર નહિ મળતા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

● નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની તબિયત બગડતાં અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા.

● ગાંધીનગર જિલ્લામાં ગરમીનું પ્રમાણ વધી જતાં ખેડૂતો ચિંતાતુર બન્યા છે.

● શિષ્યવૃત્તિ માટેની પરીક્ષા અંગેનું જાહેરનામુ આજે પ્રસિદ્ધ થશે. રાજ્ય પરીક્ષા બોર્ડમાં આ અંગેનું આવેદન પત્ર એક મહિનામાં ભરી રજુ કરવાના રહેશે.

# દેવીપુજક સમાજને રેલીની મંજુરી ન અપાઈ

**પોલીસે નકારાત્મક અભિપ્રાય આપતા રેલી અને સભા નહી થાય : દરેક જિલ્લામાંથી કાર્યકરોને ડીટેઈન કરાશે**

ગાંધીનગર, તા. ૬

૮ સપ્ટેમ્બરના રોજ શહેરના સે. ૬ સ્થિત સત્યાગ્રહ છાવણી ખાતે દેવીપુજક સમાજ સભા અને રેલી માટે એકત્ર થવાનું હતુ. અનામત માટે સભા અને રેલી માટે દેવીપુજક સમાજના અગ્રણી રૂપસંગભાઈએ તંત્ર પાસે મંજુરી માંગી હતી જો કે સેક્ટર-૭ પોલીસે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખોરવાય તેવી ભીતી દર્શાવીને નકારાત્મક અભિપ્રાય આપ્યો છે. જેને પગલે તંત્રએ રેલી અને સભાની મંજુરી આપી નથી. હવે રેલી-સભા થશે કે કેમ ? તે એક પ્રશ્ન છે. તો બીજી તરફ વિવિધ જિલ્લાઓમાંથી કાર્યકરોને ડીટેઈન કરવાની કામગીરી શરૂ કરવામાં આવશે તેમ એલસીબી અધિકારીએ જણાવ્યું છે.

## જય અંબે પગપાળા સંઘ સરગાસણનું ગુરુવારે પ્રસ્થાન

ગાંધીનગર, તા.૬

જય અંબે પગપાળા યાત્રા સંઘ સરગાસણનું તા. ૮મીએ ગુરુવારે સવારે આઠ વાગે પ્રસ્થાન થશે. છેલ્લા ૨૩ વર્ષથી અંબાજી મુકામે ભાદરવી પુનમના મેળામાં સંઘ જાય છે. વાગોસણ, વિસનગર, ખેરાલુ, સતલાસણ, અંબાજી રાત્રિ રોકાણ કરાશે. આ નિમિત્તે તા. ૭મી સપ્ટેમ્બરે શ્રી વેરાઈ માતાજીના મંદિરે સંઘ તરફથી હવન કરવામાં આવશે. આ સંઘને વિવિધ દાતાઓ દ્વારા દાન મળેલ છે.

# સ્કૂલ ઓફ એચિવર-કુડાસણમાં શિક્ષકદિનની ઉજવણી

ગાંધીનગર, તા.૬

ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિવસ પારંપરિક રીતે શિક્ષક દિન તરીકે સ્કૂલ ઓફ એચિવરમાં પણ ઉજવવામાં આવ્યો હતો. જેમાં નાના નાના બાળકોએ અદ્દલ શિક્ષક-શિક્ષિકાની ભૂમિકા ભજવી સ્કુલ પરિસરમાં વાતાવરણને રંગીન અને સંગીન બનાવી મુકયું હતું. શિક્ષકત્વના અહેસાસથી નવશિક્ષક વિદ્યાર્થીમાં નવું જ ગાંભીર્ય છલકતું હતું. તેઓમાં જવાબદારી લેવાની તત્પરતા પણ હતી.

સમાપન સમારોહમાં વિદ્યાર્થીઓએ અને શિક્ષકોએ શિક્ષકનું મહત્વ સિદ્ધ કરતા પ્રવચન કર્યા હતા જયારે શિક્ષક બનેલ વિદ્યાર્થીઓએ પોતાના અનુભવદેહ ઉદ્‌ગારો વ્યકત કર્યા હતા. આ વખતના શિક્ષકદિન સમારોહમાં વિશિષ્ટ બાબત એ હતી કે સમગ્ર શિક્ષકગણે વિદ્યાર્થીઓની સામે પોતાના શિક્ષકો પ્રત્યે વંદના અને સમગ્ર શિક્ષકત્વપ્રતિ કૃતજ્ઞાતા વ્યકત કરી હતી. સમાપન સમારોહનું સફળ સંચાલન વિદ્યાર્થીનીઓ ચિ. મેઘલ અને ચિ. સુહાસી દ્વારા કરવામાં આવ્યું હતું.





# શિક્ષક દિને જ તેજસ્વી શિક્ષકોનું સન્માન કરાયું

**સર્વ વિદ્યાલય સંકુલમાં ''શિક્ષક સજ્જતા કસોટી''માં ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરનાર ૩૦ શિક્ષકોનું શિલ્ડ-પ્રમાણપત્ર તથા રોકડ ઈનામો આપી સન્માન કરાયું**



ગાંધીનગર, તા. ૩૦

રાજયમાં લગભગ તમામ શૈક્ષણિક સંસ્થાઓ કે સંકુલો તેમજ વિવિધ સમાજો અને વહીવટીતંત્રો દ્વારા અવારનવાર તેજસ્વી તારલાઓના સન્માનનો એટલે કે તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માનનો કાર્યક્રમ યોજાતો હોય છે. જો કે ગાંધીનગરની સુપ્રસિદ્ધ શિક્ષણ સંસ્થા સર્વ વિદ્યાલય સંકુલ દ્વારા 'શિક્ષક સજ્જતા કસોટી'માં ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરનાર ૩૦ જેટલા શિક્ષકોનું શિક્ષક દિને સન્માન કરી નવો ચીલો ચાતર્યો છે.

દેશભરમાં તા. ૫મી સપ્ટેમ્બરને પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધા ક્રિષ્ણનના જન્મ દિવસને શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે. આ શુભ દિવસે ગાંધીનગરના સર્વ વિદ્યાલય સંકુલ દ્વારા સે. ૨૩માં ખિમજી વિસરામ હોલ ખાતે સંસ્થાના શ્રેષ્ઠ શિક્ષકોનું શિલ્ડ, પ્રમાણપત્ર સાથે રોકડ ઈનામો આપી સન્માન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્યની સરકારે 'શિક્ષકોની પરીક્ષા'નો શિરસ્તો શરૂ કર્યો તે પૂર્વે સર્વ વિદ્યાલય કેળવણી મંડળે શિક્ષકોની કસોટીની પહેલનો પ્રારંભ કરી દીધો હતો. જેના સારા પરિણામો આજે નજરે ચઢી રહ્યાં છે. આ કસોટીના કારણે શિક્ષકોની સજ્જતાનું સ્તર ઊંચુ આવ્યું છે. જેનો ફાયદો વિદ્યાર્થીઓને થયો છે. શિક્ષક દિને યોજાયેલા શિક્ષક સન્માન કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખો ડૉ. રામભાઈ પટેલ તથા ડૉ. કનુભાઈ પટેલ અને સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તમામ મહાનુભાવોએ સમાજના ઉત્કર્ષમાં શિક્ષકનું મહત્વ સમજાવી પુરસ્કૃત શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન તથા સંકલન વ્યવસ્થા ડૉ. વીણાબેન પટેલ, પૂર્વ આચાર્ય કૌશલ્યાબેન તથા કિરણબેને સંભાળી હતી.

### શિક્ષકોને રૂ. ૧૨ લાખના પુરસ્કાર

અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૦૯થી અત્યાર સુધીમાં સર્વ વિદ્યાલય સંકુલમાં શિક્ષક સમજ્જતા કસોટી અંતર્ગત રૂ. ૧૨ લાખથી વધુના પુરસ્કાર શિક્ષકોને અપાઈ ચુક્યા છે. શિક્ષક સજ્જતા કસોટીમાં પ્રાથમિક અને માધ્યમિકના તમામ શિક્ષકોની કસોટી લેવાય છે. અને તેનું મૂલ્યાંકન સંસ્થા બહારના તજજ્ઞો દ્વારા કરાય છે. જેને સંપૂર્ણ પણે ગુપ્ત રખાય છે. જેથી તટસ્થ મૂલ્યાંકન થઈ શકે. આ કસોટીમાં કોમ્પ્યુટર સ્કીલનો ઉપયોગ કરાય છે અને સંસ્થાના ગાંધીનગર તથા કડી ખાતેના બંને સંકુલો માટે કસોટી યોજવામાં આવે છે.



જિલ્લા પંચાયત ગાંધીનગર અને ગુજરાત સરકાર આરોગ્ય વિભાગ દ્વારા જુના કોબા ખાતે આર્યુવેદિક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રામજનોને આયુર્વેદિક દવાઓ આપવામાં આવી હતી. આ કેમ્પમાં ગામના સરપંચ યોગેશ નાયી, બળદેવજી ઠાકોર, રામભાઈ રાવળ અને ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# રવિવારે બ્રહ્માકુમારીઝના શ્રેષ્ઠ વહીવટ અભિયાન પ્રારંભ કરાશે

**ઉદઘાટન સમારંભમાં વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરા અને સચિવ જે.એન. સીંઘ ઉપસ્થિત રહેશે : દિલ્હી બ્રહ્માકુમારીઝના બીકે આશાબેન મુખ્ય વકતા**

ગાંધીનગર, તા.૬

દેશની પ્રગતિમાં વ્યક્તિગત તથા પારિવારિક જીવનની સફળતા સાથે વહીવટી વર્ગનું યોગદાન પણ સદાય રહ્યું છે. વહીવટી વર્ગ સમાજની બહુમુખી પ્રતિભા છે. આ કારણે વહીવટી વર્ગના કાર્યમાં શ્રેષ્ઠતા આવે તેવા ઉદ્દેશ્યથી ગાંધીનગરના બ્રહ્માકુમારીઝ કેન્દ્ર દ્વારા 'શ્રેષ્ઠ વહીવટ જાગૃતિ અભિયાન' છેડવામાં આવશે. આ અભિયાન અંતર્ગત વહીવટી જાગૃતિ માટે 'ગાંધીનગરથી દમણ', 'ગાંધીનગરથી ગોધરા' અને 'ગાંધીનગરથી રાજકોટ' એમ ત્રણ અભિયાન હાથ ધરાશે. આ અભિયાનનો સંયુક્ત ઉદઘાટન સમારંભ તા. ૧૧મી સપ્ટેમ્બર રવિવારે સવારે ૧૦ કલાકે સે-૧૨માં ઉમા સમાજ ભવન ખાતે યોજાશે. આ સમારંભમા મુખ્ય મહેમાન પદે ગુજરાતની વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરા તથા અતિથિ વિશેષ પદે મુખ્ય સચિવ જે.એન. સીંઘ ઉપસ્થિત રહેશે.

શ્રેષ્ઠ વહીવટ જાગૃતિ અભિયાનના ઉદઘાટન સમારંભમાં બ્રહ્માકુમારીઝ દિલ્હીના પ્રશાસક વિભાગના અધ્યક્ષ બીકે આશાબેન મુખ્ય વકતા તરીકે વકતવ્ય આપશે તેમજ ભોપાલના ક્ષેત્રિય સંચાલિકા બીકે અવધેશબેન લક્ષ્ય ઉદ્દેશ અંગે વકતવ્ય આપશે. આ પ્રસંગે બ્રહ્માકુમારીઝના ગુજરાત ઝોનના ડાયરેકટર રાજયોગિની સરલાદીદી આશીર્વચન પાઠવશે.

# એસ.જી. પ્રાથમિક શાળામાં શિક્ષક દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરની એસ.જી. પ્રાથમિક શાળામાં તા. ૧-૯-૨૦૧૬ના રોજ શિક્ષક દિન નિમિત્તે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શાળાના ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને આચાર્ય, સુપર વાઈઝર, શિક્ષક, સેવક વગેરેની ભૂમિકા ભજવી હતી. શાળાના આચાર્ય તરીકે સ્મિત પંડયા અને પટેલ હેતવીએ ભૂમિકા ભજવી હતી તે દરમિયાન એક આચાર્યની લીડર તરીકેની ભૂમિકા કેવી હોવી જોઈએ તેનું જ્ઞાન મેળવ્યું હતું. દરેક વિદ્યાર્થીમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. સમગ્ર શાળાનું સંચાલન વિદ્યાર્થીઓએ કર્યું હતું. શિક્ષક દિન નિમિત્તે શિક્ષક બનેલ વિદ્યાર્થીઓમાં સંસ્કાર, શિસ્ત અને જ્ઞાનની ઝલક જોવા મળી હતી. આ પ્રવૃત્તિ દ્વારા શિક્ષક બનેલા વિદ્યાર્થીઓ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કામગીરીથી વાકેફ થયા હતા.



# ગિરીશ રાવલ કોલેજ ઓફ સાયન્સ ખાતે શિક્ષક દિન ઉજવાયો

**ઉજવણીના ભાગરૂપે રંગોળી સ્પર્ધા અને મહેંદી સ્પર્ધા યોજાઈ હતી**





ગાંધીનગર, તા. ૩૦

ગિરીશ રાવલ કોલેજ ઓફ સાયન્સ, મોટા ચિલોડા ખાતે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણીના ભાગરૂપે રંગોળી સ્પર્ધા અને મહેંદી સ્પર્ધા યોજાઈ હતી. આ ઉપરાંત સોલાર એનર્જી, રિસ્પોન્સીબલ સીટીઝન તેમજ ટ્રાફિક સેન્સ જેવા વિષયો ઉપર ચિત્ર સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

શિક્ષકદિનની ઉજવણી નિમિત્તો શાળામાં તેજસ્વી વિદ્યાર્થીઓએ પ્રોફેસર્સ બની શૈક્ષણિક કાર્ય કર્યુ હતુ. કોલેજના આચાર્ય ડૉ. ડી.એન. વ્યાસે અંતે પ્રાસંગિક પ્રવચન આપ્યુ હતુ. તેમજ સફળ કાર્યક્રમ બદલ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## જાહેર નિવિદા

**આંગણવાડી કાર્યકર / તેડાગરની ભરતી બાબત**

સંકલિત બાળ વિકાસ યોજના ગાંધીનગર ઘટક-૧માં નીચે જણાવેલ ગામોના આંગણવાડી કેન્દ્રોમાં કાર્યકર અને તેડાગરની ખાલી પડેલ જગ્યા માટે બહેનોની ભરતી કરવાની થાય છે.

**કાર્યકરની ખાલી જગ્યા :-**

(૧) ઉવારસદ-૬ (૨) વાવોલ-૧ (૩) વાવોલ-૨ (૪) સેક્ટર-૧૩/૨ (૫) ધોળાકુવા-૪

**તેડાગરની ખાલી જગ્યા :-**

(૧) પોર-૧, (૨) દંતાલી-૧, (૩) જલુંદ-૨, (૪) બોરીજ-૨, (૫) સેક્ટર-૧૩/૨, (૬) સેક્ટર-૧૬, સેક્ટર-૨૭, (૮) કોલવડા-૫, (૯) રાંધેજા-૬

આગામી સંભવિત તા. ૧/૯/૨૦૧૬ થી ૧/૯/૨૦૧૭ (૧ વર્ષ)માં ખાલી પડનાર કાર્યકર અને તેડાગરની જગ્યાઓ ગાંધીનગર ઘટક-૧માં

**કાર્યકરની ખાલી જગ્યા :-**

(૧) કોલવડા - ૨

**તેડાગરની ખાલી જગ્યા :-**

(૧) ટીંટોડા-૫ (૨) ઝુંડાલ-૨, (૩) ધોળાકુવા-૪

**શૈક્ષણિક લાયકાત અને શરતો :**

(૧) આંગણવાડી કાર્યકર અને ઓછામાં ઓછુ ધોરણ-૧૦ અને આંગણવાડી તેડાગર માટે ધોરણ-૭ પાસ શૈક્ષણિક લાયકાત આધાર રૂપે તમામ લાયકાતની માર્કશીટની પ્રમાણિત નકલ ફરજીયાત બિડવાની રહેશે.

(૨) ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછા અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ. (જાહેરાતની તારીખે)

(૩) મહિલા ઉમેદવાર પરણિત અને ગામના સ્થાનિક હોવા જોઈએ. (રેશનકાર્ડની નકલ, ચૂંટણીકાર્ડની નકલ અને તલાટી કમ મંત્રીશ્રીનો દાખલો રજૂ કરવો.)

(૪) જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્રની નકલ અને શૈક્ષણિક લાયકાતની તમામ માર્કશીટની પ્રમાણિત નકલ અરજી સાથે સામેલ કરવાની રહેશે.

(૫) લગ્ન નોંધણીનું પ્રમાણિત કરેલ પ્રમાણપત્રની નકલ અરજી સાથે સામેલ કરવાનું રહેશે.

(૬) આંગણવાડી કેન્દ્ર જે ગામની હદમાં વસવાટ કરતા સ્થાનિક ઉમેદવાર જ અરજી કરવાની રહેશે, સ્થાનિક સિવાયની અરજી દફતરે કરવામાં આવશે.

(૭) આંગણવાડી કેન્દ્રમાં નિમણુંક મેળવનાર કાર્યકર / તેડાગરને સરકારશ્રીના વખતોવખત નિયમાનુસાર માસિક માનદવેતન મળવાપાત્ર રહેશે.

(૮) અરજદારે ઉમેદવારી ફોર્મ કચેરીએથી મેળવી નિયત નમુનામાં જ અરજી કરવાની રહેશે. જો નિયત નમુનામાં અરજી કરેલ ન હોય તેવા ઉમેદવારોની અરજી દફતરે કરવામાં આવશે.

(૯) અધુરી વિગત સાથે આવેલ અને સમય મર્યાદા બહાર આવેલ અરજીઓ રદ કરવામાં આવશે.

(૧૦) અરજીમાં જાહેરાતમાં જણાવ્યા મુજબની પ્રમાણપત્રની પ્રમાણિત કરેલ નકલો બિડવાની રહેશે, ત્યારબાદ પાછળથી કોઈપણ સર્ટી / પ્રમાણપત્ર અરજીમાં લેવામાં આવશે નહી.

(૧૧) પસંદગી અંગેના અધિકારો પસંદગી સમિતિ પાસે અબાધિત રહેશે, પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે, તે અંગે કોઈ વાંધો કે તકરાર કરી શકાશે નહીં.

જાહેરાતની તારીખ અગાઉ કરેલ અરજીઓ રદ ગણાશે. જાહેરાત વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૨૦માં સાધનિક કાગળો સાથે અરજી રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી મોકલવાની રહેશે. અરજી મોકલવાનું સરનામું : બાળ વિકાસ યોજના અધિકારી, આઈ.સી.ડી.એસ. શાખા, ઘટક-૧, એમ.એસ. બિલ્ડીંગ, ત્રીજો માળ, બી-બ્લોક, સેક્ટર-૧૧, ગાંધીનગર

નોંધ : સાદી ટપાલ, કુરીયર, સ્પીડ પોસ્ટથી કે રૂબરૂમાં આપેલ અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં.

| સહી/- | સહી/- |
|---|---|
| બાળ વિકાસ યોજના અધિકારી | પ્રાંત અધિકારી |
| આઈ.સી.ડી.એસ. શાખા ઘટક-૧ | ગાંધીનગર |


ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત
વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭